Kiri Industries Limited

*Future Full of Colours.....*

April 06, 2023

| | |
|---|---|
| To,<br>BSE Limited<br>Phiroze Jeejeebhoy Towers,<br>Dalal Street, Mumbai- 400 001<br>**Scrip Code: 532967** | To,<br>National Stock Exchange of India Limited<br>Exchange Plaza, Bandra Kurla Complex,<br>Bandra (E), Mumbai - 400 051<br>**Scrip ID - KIRIINDUS** |

Dear Sir/Madam,

**Sub: Newspaper Advertisement - Notice of Postal Ballot**

With reference to the above captioned subject and in compliance with Regulation 30 and 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we enclose herewith the copy of newspaper advertisements published in Jaihind (Gujarati) - Ahmedabad edition and Financial Express (English) – Mumbai edition on April 06, 2023 regarding the Postal Ballot Notice of the Company dated February 11, 2023 and remote e-voting instruction.

You are kindly requested to take note of the same.

Thanking you,

Yours faithfully,

**For Kiri Industries limited**

**Suresh Gondalia**
**Company Secretary**
**M. No. : F7306**
Encl: As stated

KIRI INDUSTRIES LTD. AHMEDABAD

**DYES**
Plot No : 299/1/A & B, Phase-II, Nr. Water Tank, GIDC, Vatva, Ahmedabad – 382 445, Gujarat, India.
**Phone :** +91-79-25894477
**Fax :** +91-79-25834960
**Email :** engage@kiriindustries.com **Web :** www.kiriindustries.com

**INTERMEDIATES**
Plot No : 396 /399/403/404, EPC Canal Road, Village : Dudhwada, Tal. : Padra, Dist. : Vadodara - 391450. Gujarat, India.
**Phone :** +91-2662-273 444
**Fax :** +91 2662 273 444
**Email :** intermediates@kiriindustries.com **Web :** www.kiriindustries.com

**CHEMICALS**
Plot No : 552-A, 566, 567, 569-71, Village : Dudhwada, Tal. : Padra, Dist. : Vadodara- 391 450 Gujarat , India.
**Phone :** +91-2662-273724, 25
**Fax :** +91 2662 273726
**Email :** intermediates@kiriindustries.com **Web :** www.kiriindustries.com

**REGISTERED OFFICE :** 7th Floor, Hasubhai Chamber, Opp. Town Hall, Ellisbridge, Ahmedabad – 380 006. Gujarat (India). Phone : + 91-79-2657 4371-72-73 Fax : + 91-79-2657 4374

**CIN No. : L24231GJ1998PLC034094**

# સેબીનો અદાણી તપાસ રીપોર્ટ સુપ્રિમ કોર્ટ પેનલને સોંપાયો

મુંબઈ તા.૫

અદાણી ગ્રુપમાં ગેરરીતિનાં આક્ષેપો બાદ કોર્પોરેટથી લઈને રાજકારણ સુધીનાં તીવ્ર પ્રત્યાઘાતો હજૂ શાંત થયા નથી ત્યારે સર્વોચ્ચ અદાલતે નિયુકત કરેલી છ સભ્યોની સમિતિ સમક્ષ પેશ થઈને શેરબજાર નિયમનકાર સેબીના વડાએ વિસ્તૃત રિપોર્ટ પેશ કર્યો છે.આ ઘટનાક્રમને ઘણો મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો છે.

સેબીના વડા માધવીપુરી બુચ સુપ્રિમ કોર્ટ સમક્ષ રૂબરૂ પેશ થયા તે મહત્વનું છે અન્યથા સામાન્ય રીતે જરૂરીયાત વિના રૂબરૂ હાજર થતા નથી.

સર્વોચ્ચ અદાલતે સેબીને તપાસ કરવાની સુચના આપી જ હતી. સાથોસાથ પેનલને પણ જરૂરી માહિતી-વિગતો આપવાની તાકીદ કરી હતી.

સુત્રોના કહેવા પ્રમાણે સેબી વડાએ સુપ્રિમ કોર્ટ નિયુકત પેનલ સમક્ષ અદાણીની તપાસ અંતર્ગત વિસ્તૃત પ્રેઝન્ટેશન પેશ કર્યું હતું. અદાણી ગ્રુપની લીસ્ટેડ તથા ખાનગી કંપનીમાં તથા તેના

## અદાણીના વ્યવહારો વિદેશી કંપનીઓ એફઆઈઆઈ હોલ્ડીંગ, હિંડનબર્ગ રીપોર્ટ બાદના શેરબજારના ટ્રાન્ઝેકશન સહિતની વિગતો સાથેનો રિપોર્ટ અપાયો

વ્યવહારો વિશેની માહીતી આપવામાં આવી હતી. આ સિવાય અદાણી ગ્રુપની વિદેશી કંપનીઓ,વિદેશી સંસ્થાકીય ઈન્વેસ્ટરોનુ ગ્રુપ કંપનીઓમાં રોકાણ ફલોટીંગ સ્ટોક વગેરે વિગતો પણ રજુ કરવામાં આવી હતી.

સેબી વડા દ્વારા ૨૦૦૭ માં લાગુ કરાયેલા શોર્ટ સેલીંગ (માથે વેચાણ)ના નિયમના અમલ તથા વૈશ્વીક સ્તરે અપનાવાતી નીતિની પણ જાણકારી રજુ કરી હતી.

અમેરિકી રીસર્ચ કંપની હિંડનબર્ગનાં સ્ફોટક રીપોર્ટ બાદ સેબીએ શેરબજારો પાસેથી અદાણી ગ્રુપની કંપનીઓનાં શેરોની ખરીદી વેચાણની આંકડાકીય માહિતી મેળવી જ હતી. રીપોર્ટના આધારે ભાવમાં તોફાન સર્જવા કોર્ટેલ સક્રિય હતી કે કેમ તે ચકાસવા આ પ્રક્રિયા કરવામાં આવી હતી. હિંડનબર્ગે રીપોર્ટમાં એવુ જાહેર કર્યું જ હતું કે તેના દ્વારા અદાણી ગ્રુપનાં અમેરીકી ટ્રેંડેડ બોન્ડ તથા વિદેશોમાં ટ્રેંડ થતાં ડેરીવેટીવ્ઝ ઈન્સ્ટ્રુમેન્ટમાં માથે વેચાણ કર્યું છે.

સુત્રોના કહેવા પ્રમાણે સેબી વડા દ્વારા અદાણી ગ્રુપ મામલે તપાસ માટે કોર ટીમની રચના કરી હતી. હિંડનબર્ગે રીપોર્ટ પહેલા કે પછી શેરબજારનાં વ્યવહારોમાં કોઈ ગરબડ છે કે કેમ તે ચકાસવાની સુચના આપવામાં આવી હતી. સુપ્રિમ પેનલને જરૂરી માહીતી આપવા તથા સહયોગ કરવા પણ કહેવાયું હતું. અદાણી સામેનાં હિંડનબર્ગ રીપોર્ટ બાદ અદાણીના શેરોમાં અભુતપુર્વ કડાકાને ધ્યાને રાખીને ભારતીય મૂડીબજારને મજબુત બનાવવા તથા ઈન્વેસ્ટરોની સુરક્ષાના પગલા સુચવતા સુપ્રિમ કોર્ટે પેનલ નિયુકત કરી હતી બે માસમાં તપાસ રીપોર્ટ આપવા કહ્યું હતું.

# કેન્સર કેસોમાં જોનસન એન્ડ જોનસન પીડિતોને ૮.૯ અબજ ડોલર ચુકવવા તૈયાર

નવી દિલ્હી તા.૫

અમેરિકી કંપની જોનસન એન્ડ જોનસન એ હજારો લોકોને ૮.૯ અબજ ડોલરનું નુકસાન કરવા માટે સહમત થઈ ગઈ છે, જેમણે ટેલ્કમ પાવડરથી કેન્સર થયાનો આરોપ લગાવ્યો હતો.જોનસન એન્ડ જોનસન મહિલાઓના લગભગ ૩૮ હજાર કેસોનો સામનો કરી રહ્યું છે. જેમાં તેની સામે આરોપ છે કે તેની પ્રોડકટમાં એસ્બેસ્ટસ છે અને તેના કારણે તે મહિલાઓને ઓવરીનું કેન્સર થઈ ગયું હતું. એક નિવેદનમાં લગભગ ૭૦ હજાર વાદીઓનું પ્રતિનિધિત્વ કરનાર વકીલોમાં એક સમુહે આ સોદાને 'માઈલ સ્ટોન' ગણાવી એ મહિલાઓની

**કંપનીનો ટેલ્કમ પાવડર વાપરવાથી ઓવરીનું કેન્સર થયાનો ૩૮૦૦૦ મહિલાઓએ કેસ કરેલો**

મહત્વપૂર્ણ જીત ગણાવી હતી.

જોનસન એન્ડ જોનસને જણાવ્યું હતું કે કોસ્મેટીક ટેલ્ક સંબંધીત જયુરી ટ્રાયલમાં તેણે મોટાભાગે જીત હાંસલ કરી છે, એથી ભારે નુકસાનનો સામનો પણ કરવો પડયો છે, કારણ કે તેથી કેટલાક વાદીઓને અબજો ડોલરનું નુકસાનનું પેમેન્ટ કરવાનો આદેશ અપાયો હતો. કોઈ સોદાને અંતિમ રૂપ આપવા માટે અદાલતે પહેલા જોનસન એન્ડ જોનસનની સહાયક કંપની એલટીએલ મેનેજમેન્ટ દ્વારા દેવામાં આવેલ દેવાળીયાપણાની ફાઈલીંગને સ્વીકારવી પડશે અને બાદમાં નિકાલની મંજુરી આપવી પડશે. જોનસન એન્ડ જોનસને ૨૦૨૧માં ખુદને ટેલ્કમ કેસમાંથી બચાવવા એલટીએલ બનાવી હતી.



તામિલનાડુ પાટનગર ચેન્નાઈમાં બુધવારે ધર્મલિંગેશ્વર મંદિરના થીર્થવહી ધાર્મિક ઉત્સવની ઉજવણી દરમિયાન કીલકટ્ટાલાઈ નજીક તળાવમાં ત્રણ યુવાનો ડુબી જતા મુવારસમ્પેટ બચાવ રાહત કામગીરી હાથ ધરવામાં આવેલી નજરે પડે છે.

# દેશમાં ગત વર્ષે પેસેન્જર ગાડીઓના વેચાણમાં રેકોર્ડબ્રેક વધારો

નવી દિલ્હી તા.૫

ગત વર્ષે દેશમાં ગાડીઓનું રીટેલ વેચાણ ૩૬ લાખનું રેકોર્ડબ્રેક થયું હતું. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસીએશન (એફએડીએ) એ મંગળવારે આ જાણકારી આપી હતી. આ દરમિયાન ગાડીઓનું કુલ રિટેલ વેચાણ વધીને ૨,૧૧,૫૦,૨૨૨ નંગ થઈ ગયું હતું. જે તેના પહેલાના નાણાકીય વર્ષમાં ૧,૮૩,૨૭,૩૨૬ નંગ હતું.

**અગાઉના નાણાકીય વર્ષમાં ૧,૮૩,૨૭,૩૨૬ ગાડીઓ વેચાઈ હતી જેનો પછીના વર્ષે આંકડો ૨,૨૧,૫૦,૨૨૨ થયો**

આ પ્રકારે તેમાં ૨૧ ટકાનો વધારો નોંધાયો છે. ગત વર્ષે ગાડીઓનું રજીસ્ટ્રેશન ૨૩ ટકા વધીને ૩૬,૨૦,૦૩૯ નંગ રહ્યું હતું. જયારે ૨૦૨૧-૨૨માં ૨૯,૪૨,૨૭૩ નંગનું રજીસ્ટ્રેશન થયું હતું. ગત નાણાકીય વર્ષે ટુ-વ્હીલરના રિટેલ વેચાણમાં ૧૯ ટકાનો વધારો થયો હતો અને આ આંકડો ૧,૫૯,૯૫,૯૬૮ નંગ રહ્યું હતું, જયારે કોમર્શિયલ ગાડીઓ રિટેલ વેચાણમાં ૩૩ ટકા જયારે થ્રી વ્હીલરના રજીસ્ટ્રેશનમાં ૮૪ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ગત નાણાકીય વર્ષમાં ટ્રેકટરનાં રિટેલ વેચાણમાં ૮ ટકાનો વધારો થયો હતો.

## કેરળમાં ટ્રેનમાં ત્રણ લોકોની આગ લગાવી હત્યાનો કેસ

# ફરાર થયેલા શાહરુખ સૈફીની મહારાષ્ટ્રના રત્નાગીરીથી ધરપકડ

કોઝિકોડ,તા.૫

કેરળની એક ટ્રેનમાં કથિતરૂપે આગ લગાવી ૩ લોકોને માર્યા બાદ ફરાર થઈ ચૂકલો આરોપી શાહરુખ સૈફી પકડાયો છે. સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ અને મહારાષ્ટ્ર એટીએસની એક સંયુક્ત ટીમે મંગળવાર અને બુધવારની રાત દરમિયાન મહારાષ્ટ્રના રત્નાગિરી રેલવે સ્ટેશનથી તેની ધરપકડ કરી હતી. શાહરુખ સૈફી નોઈડાનો રહેવાશી છે.

સૈફી સામે આરોપ છે કે જયારે અલાપ્પુઝા-કન્નૂર એક્ઝિક્યૂટિવ એક્સપ્રેસ ૨ એપ્રિલ રાતે આશરે ૯:૪૫ વાગ્યે જયારે કોઝિકોડ શહેરને પર કર્યા બાદ કોરાપુઝા રેલવે પુલ પર પહોંચી ત્યારે તેણે કોઈ જ્વલનશીલ પદાર્થનો છંટકાવ કરી સહયાત્રીઓને સળગાવી દીધા હતા. આ ઘટનામાં એક

**શાહરુખ સૈફી નોઈડાનો રહેવાશી છે, આરોપી તેના માથાની ઈજાની સારવાર માટે રત્નાગિરી સિવિલ હોસ્પિટલે આવ્યો હતો**

વર્ષનું બાળક અને એક મહિલા સહિત ૩ લોકો કોઝિકોડના એલાથુર રેલવે સ્ટેશન નજીક ફાટક પર મૃત અવસ્થામાં મળી આવ્યા હતા, જોકે ૮ અન્ય ઘવાયા હતા.

શાહરુખ સૈફીની લોકેશન કાલે રત્નાગિરીમાં ટ્રેસ થઈ હતી. માહિતી અનુસાર તે તેના માથાની ઈજાની સારવાર માટે રત્નાગિરી સિવિલ હોસ્પિટલે આવ્યો હતો. આ ઈજા તેને કેરળમાં ટ્રેનથી નીચે ઉતરતી વખતે પડી જવાને કારણે લાગી હતી. જોકે તે સારવાર કરાવય વિના જ હોસ્પિટલેથી નાસી ગયો હતો. તેના પછી પોલીસે વ્યાપક ધોરણે તલાશી અભિયાન ચલાવી શાહરુખને પકડી પાડ્યો હતો. હાલ તે રેલવે સુરક્ષાદળની કસ્ટડીમાં છે અને તેની પૂછપરછ થવાની બાકી છે. કેરળ પોલીસ રત્નાગિરી પહોંચી ગઈ છે.

## ઓડિશા પોલીસે એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો

# સરકારી-ખાનગી નોકરીના નામે પૈસા પડાવતા પાંચની ધરપકડ

બાલાસોર,તા.૫

ઓડિશા પોલીસે એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે, જે કથિત રીતે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં નકલી નોકરીઓ આપવાના નામે લોકો પાસેથી પૈસા પડાવતા હતા. એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે જાણકારી આપી હતી. જેના પગલે બાલાસોરના બે સહિત કુલ પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

અધિકારીના જણાવ્યા અનુસાર, ટોળકીનો માસ્ટર માઈન્ડ સરકારી નોકરી ઈચ્છુકો અને ખાનગી ક્ષેત્રમાં તકો શોધી રહેલા લોકોનો સંપર્ક કરતો હતો અને વિવિધ સંસ્થાઓમાં નકલી નિમણૂંકનું વચન આપીને તેમની પાસેથી પૈસા પડાવતો હતો. કેટલાક વચેટિયા ઉમેદવારોમાં નોકરીની તકો વિશે માહિતી ફેલાવવામાં સામેલ હતા અને નકલી નોકરીના ઈન્ટરવ્યુ પણ

**ટોળકીનો માસ્ટર માઈન્ડ સરકારી નોકરી ઈચ્છુકો અને ખાનગી ક્ષેત્રમાં તકો શોધનારાનો સંપર્ક કરતો, વિવિધ સંસ્થાઓમાં નકલી નિમણૂંકનું વચન આપીને પૈસા પડાવતો**

કરાવ્યા હતા.

બાલાસોરના પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, "પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગેંગના લીડરે નોકરી શોધનારાઓ પાસેથી લગભગ એક કરોડ રૂપિયાની છેતરપિંડી કરી છે." એક આરોપીના ઘરે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જયાંથી નકલી નિમણૂક પત્રો, નામાંકિત કંપનીઓના અરજીપત્રો, રૂ. ૧૦.૫૦ લાખના સોનાના દાગીના, રૂ. ૩.૦૯ લાખ રોકડા, બેક્ર ખાતા અને રૂ. ૨૮ લાખની થાપણો મળી આવી હતી. આમ કુલ રૂ.૮૦ લાખની મિલકતો મળી આવી હતી.

**જાહેર નોટીસ**

આથી જણાવાનું કે હું સુરેન્દ્રસિંહ જે. જાડેજા ૧, ટાટાનગર સોસાયટીમાં આશરે ૫૦ વર્ષથી રહુ છું. તે મકાનના મારા પીતાનાં નામના ઓરીજનલ શેર સર્ટીફીકેટ ભૂલથી કયાંક મુકાઈ ગયા છે અથવા ખોવાઈ ગયેલ છે. જેનાં નંબર- ૧૬૩, ૧૬૪, ૩૯૧, ૩૯૨, ૩૯૩ છે.

-લિ. જોરૂભા બાલુભા જાડેજા વતી સુરેન્દ્રસિંહ જે. જાડેજા

**જાહેર નોટીસ**

આથી જણાવાનું કે હું મયુરી એન. માલી ૭૦, ટાટાનગર સોસાયટીમાં આશરે ૨૫ વર્ષથી રહુ છું. તે મકાનના મારા સસરાનાં નામના ઓરીજનલ શેર સર્ટીફીકેટ ભૂલથી કયાંક મુકાઈ ગયા છે અથવા ખોવાઈ ગયેલ છે. જેનાં નંબર- ૪૨૩, ૪૨૪, ૪૨૫, ૪૨૬, ૪૨૭ છે.

-લિ. સરજુપ્રસાદ આર. માલી વતી મયુરી એન. માલી

torrent POWER

**ટોરેન્ટ પાવર લિમિટેડ નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનો/પોલ માઉન્ટેન્ડ ટ્રાન્સફોર્મરમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ થવાની શક્યતા છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી.

તા.૦૮/૦૪/૨૦૨૩, શનિવાર: (૧) દાણાપીઠ: દાણાપીઠ-PMT, (૨) સીટીએમ: સુખ શાંતિ-PAD.

અસુવિધા બદલ દિલગીર છીએ

વીજ કનેકશનની જાણકારી, ઓનલાઈન બિલ ચૂકવણી અને અન્ય સુવિધાઓ

Mobile APP | connect.torrentpower.com connect.ahd@torrentpower.com | 6655 1912/ 2255 1912

OM EDUCATION

**OM ENGINEERING COLLEGE & OM INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY**

(A.I.C.T.E. approved & G.T.U. Affiliated)

At. Po. Chokli, Junagadh-Bheshan Road, Junagadh-362 310 (Gujarat)

Ph. 99781 77770, www.omeducation.edu.in info@omeducation.edu.in

**FACULTY REQUIRED**

| DEPARTMENT | DEGREE ENGINEERING | | | DIPLOMA ENGINEERING | |
|---|---|---|---|---|---|
| POSITION | PROF. | ASSO.PROF. | ASST.PROF. | HOD | LECTURER |
| MECHANICAL ENGG. | 01 | 02 | 04 | 01 | 03 |
| ELECTRICAL ENGG. | 01 | 02 | 02 | - | 04 |
| CIVIL ENGG. | 01 | 02 | 02 | 01 | 04 |
| COMPUTER ENGG. | 01 | 02 | 04 | 01 | 07 |
| CHEMICAL ENGG. | 01 | 02 | 03 | - | - |
| ELE & COMM. ENGG. | - | - | 01 | - | - |
| H. & S. (ENGLISH) | - | - | 01 | - | 01 |
| H. & S. (PHYSICS) | - | - | 01 | - | 01 |
| H. & S. (MATHS) | - | - | 01 | - | - |
| H. & S. (CHEMISTRY) | - | - | 01 | - | 01 |

- The Candidates may send their application along with latest resume with all necessary documents and two recent passport size photographs by post to our institute address or by E-mail within 07 days.
- Qualification, Experience & Pay scale are as per A.I.C.T.E. & G.T.U. norms.

- Managing Trustee, Shree OM Education Trust

**Kiri Industries Limited**

Future Full of Colours.....

(CIN-L24231GJ1998PLC034094)

Regd. Office: 7th Floor, Hasubhai Chambers, Opp. Townhall, Ellisbridge, Ahmedabad 380 006

Contact No: (P) +91 79 - 26574371/72/73, Fax: +91 79 - 26574374

Email ID: info@kiriindustries.com; Website: www.kiriindustries.com.

**પોસ્ટલ બેલેટ નોટિસ**

કંપનીના સભ્યોને આથી કંપનીધારા, ૨૦૧૩ (''કાયદો'')ના સેક્શન ૧૦૮, ૧૧૦ અને અન્ય લાગુ પડતી જોગવાઈઓ અનુસાર જો કોઈ હોય તો- કંપનીઝ (મેનેજમેન્ટ અને વહીવટ) નિયમો, ૨૦૧૪ (''નિયમો'')(તત્કાલીન અને વખતોવખત કોઈ સ્ટેચ્યુટરી સુધારા, ફેરફારો, કે રિ-એનેક્ટમેન્ટ હોય તો તેની સાથે)ના નિયમ ૨૦ અને ૨૨ સાથે વંચાણે લીધા અનુસાર, સિક્યુરિટી એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્ક્લોઝર જરૂરિયાતો) નિયમો, ૨૦૧૫ (''સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ'')(સુધારા મુજબ) ના રેગ્યુલેશન ૪૪ સાથે પણ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ધ કંપની સેક્રેટરીઝ ઓફ ઈંડિયાએ સાધારણ સભા પર જાહેર કરેલ સેક્રેટરિયલ સ્ટાન્ડર્ડ - ૨ (તત્કાલીન અને વખતોવખત કોઈ સ્ટેચ્યુટરી સુધારા, ફેરફારો, કે રિ-એનેક્ટમેન્ટ હોય તો તેની સાથે) ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલયના સામાન્ય સર્ક્યુલર નં.૧૪/૨૦૨૦ તા.૦૮મી એપ્રિલ,૨૦૨૦, નં. ૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ,૨૦૨૦, નં. ૨૨/૨૦૨૦ તા. ૧૫મી જૂન,૨૦૨૦, નં. ૩૩/૨૦૨૦ તા. સપ્ટેમ્બર ૨૮,૨૦૨૦, નં. ૩૯/૨૦૨૦ તા. ડિસેમ્બર ૩૧, ૨૦૨૦, નં. ૧૦/૨૦૨૧ તા. જૂન ૨૩,૨૦૨૧, નં. ૨૦/૨૦૨૧ તા. ડિસેમ્બર ૦૮, ૨૦૨૧, નં. ૩/૨૦૨૨ તા. મે ૫, ૨૦૨૨ અને નં. ૧૧/૨૦૨૨ તા. ડિસેમ્બર ૨૮, ૨૦૨૨ (હવે પછી એમસીએ સર્ક્યુલર્સ તરીકે ઉલ્લેખાશે) અને અન્ય લાગુ પડતા કાયદાઓ અને નિયમો અનુસાર કિરી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (''કંપની'')ને સભ્યો પાસેથી નક્કી થયેલા વ્યવહારોમાં ઈલેક્ટ્રોનિક સાધનો (''રિમોટ ઈ-વોટિંગ'')થી પોસ્ટલ બેલેટ પ્રક્રિયાથી મંજૂરી જોઈએ છે.

ઉપરોક્ત એમસીએ સર્ક્યુલર્સના અનુસંધાને કંપનીએ બુધવાર, એપ્રિલ ૦૫, ૨૦૨૩ના રોજ ઈલેક્ટ્રોનિક મોડથી કટ ઓફ તારીખ એટલે કે **શુક્રવાર, ૩૧મીમાર્ચ, ૨૦૨૩ના** રોજ માત્ર જે સભ્યોના ઈમેઈલ સરનામાં કંપની પાસે /રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ પાસે /ડિપોઝીટરીઝ પાસે રજિસ્ટર કરેલા છે તેમને પોસ્ટલ બેલેટ નોટિસ મોકલી દીધેલ છે. અને તે કંપનીની વેબસાઈટ www.kiriindustries.com પર, સ્ટોક એક્સ્ચેન્જની વેબસાઈટ www.bseindia.com પર અને www.nseindia.com પર અને સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસ ઈન્ડિયા લિમિટેડ (સીડીએસએલ)ની વેબસાઈટ www.evotingindia.com. પર ઉપલબ્ધ છે. કંપનીએ સીડીએસએલને રિમોટ ઈ-વોટિંગ સુવિધા માટે રોકેલ છે.

**કંપનીના તમામ સભ્યોને આથી જણાવવાનું કે:**

૧. પોસ્ટલ બેલેટ નોટિસમાં આપેલ સ્પેશિયલ બિઝનેસીસ માટે ઈલેક્ટ્રોનિક સાધનથી જ મતદાન વ્યવહાર થઈ શકશે.
૨. રિમોટ ઈ-વોટિંગ શનિવાર, એપ્રિલ ૦૮, ૨૦૨૩ના રોજ સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે અને રવિવાર, મે ૦૭, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પૂરું થશે.
૩. રિમોટ ઈ-વોટિંગ માટે લોગઈન મેથડની સૂચનાઓ નોટિસમાં આપેલ છે. રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા મતદાન પછી બંધ થઈ જશે.
૪. રિમોટ ઈ-વોટિંગથી મત આપવા માટેની પાત્રતા નક્કી કરવાની તારીખ શુક્રવાર, ૩૧મીમાર્ચ, ૨૦૨૩ છે.
૫. આર.સી. તારપરા અને એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરીઝ (સભ્યપદ નં. FCS 6165, COP No. 5785) ને નિષ્પક્ષ અને પારદર્શી રીતે રિમોટ ઈ-વોટિંગનું સંચાલન કરવા સ્ક્રુટિનાઈઝર તરીકે નીમેલ છે.
૬. જો પૂરતી બહુમતીથી માન્ય હશે તો ઈ-વોટિંગની છેલ્લી તારીખ એ ઠરાવો પાસ કરવાની તારીખ રહેશે.
૭. કંપનીના જે સભ્યોએ તેમના ઈમેઈલ એડ્રેસ /મોબાઈલ નંબર ન નોંધાવ્યા હોય તેઓ પોસ્ટલ બેલેટ નોટિસમાં આપેલ સૂચનાઓ અનુસરીને નોંધાવી શકશે.

જો તમારી ઈ-વોટિંગ અંગે કોઈ પૂછપરછ કે તકલીફ હોય તો તમે www.evotingindia.comની શેરધારકો માટેના ફ્રીકવન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ-વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) સેક્શન પર અને ઈ-વોટિંગ યુઝર મેન્યુઅલ પર ડાઉનલોડ સેક્શન જોઈ શકો છો અથવા તમામ ફરિયાદો શ્રી રાકેશ દળવી, સીનિયર મેનેજર (સીડીએસએલ) સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ, એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મિલ કંપાઉન્ડ્સ, એન એમ જોશી માર્ગ, લોઅર પરેલ (ઈસ્ટ) મુંબઈ-૪૦૦૦૧૩ને મોકલવી અથવા helpdesk.evoting@cdslindia.comને ઈ-મેઈલ મોકલવો અથવા ૧૮૦૦ ૨૨ ૫૫ ૩૩.પર ફોન કરવો.

**તા. એપ્રિલ, ૦૫, ૨૦૨૩** **સહી/-**
**સ્થળ : અમદાવાદ** **કિરી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
**સુરેશ ગોંડલિયા**
**કંપની સેક્રેટરી**

## વર્લ્ડ બેંકે ભારતના વિકાસ દરની પોલ ખોલી નાખી: ચિદમ્બરમ

નવી દિલ્હી,તા.૫

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે તેમના એક નિવેદનમાં સંસદમાં કેન્દ્રીય બજેટ અંગે ચર્ચા ન થવા મામલે નારાજગી વ્યક્ત કરી હતી. હવે નિર્મલા સીતારમણના નિવેદન પર પૂર્વ નાણામંત્રી પી.ચિદમ્બરમે વળતો પ્રહાર કર્યો હતો અને આકરો કટાક્ષ પણ કર્યો છે. ચિદમ્બરમે આક્ષેપ કર્યો કે ભારતના સંસદીય ઈતિહાસમાં આવું પહેલીવાર થયું છે કે સત્તા પક્ષે સંસદમાં હોબાળો કર્યો અને સંસદની કાર્યવાહી ન ચાલવા દીધી.

પી.ચિદમ્બરમે ટ્વિટ કરતાં લખ્યું કે માનનીય નાણામંત્રી કહી રહ્યા છે કે સંસદમાં બજેટ અંગે કોઈ ચર્ચા ન થઈ પણ બજેટને ચર્ચા વિના મંજૂર કરવા માટે પણ જવાબદાર કોણ છે? ભારતના સંસદીય ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે સત્તા પક્ષે હોબાળો કર્યો અને સંસદમાં ચર્ચા ન થવા દીધી. એક અન્ય ટ્વિટમાં પી.ચિદમ્બરમે કહ્યું કે વર્લ્ડ બેક્ર અનુસાર મોદી સરકારનો ૫ વર્ષ (૨૦૧૯-૨૪)નો સરેરાશ વિકાસ દર ૪.૦૮ ટકા રહેશે. એટલું જ નહીં કોરોના પ્રભાવિત વર્ષ બાદથી સતત વાર્ષિક દરમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે અને ફક્ત સરકાર જ વિકાસ દર અંગે શેખી મારી રહી છે. તેણે આ બંધ કરવું જોઈએ. તેની પોલ ખુલી ગઈ છે.

## મુંબઈમાં આવેલી એર ઈન્ડિયાની આઈકોનિક બિલ્ડિંગ

# એર ઈન્ડિયાના બિલ્ડિંગને મહારાષ્ટ્ર સરકાર ૧૬૦૦ કરોડમાં ખરીદશે

મુંબઈ,તા.૫

મહારાષ્ટ્ર સરકારે મુંબઈમાં આવેલી એર ઈન્ડિયાની આઈકોનિક બિલ્ડિંગ ખરીદવાનો નિર્ણય લીધો છે. આ સોદો લગભગ ૧૬૦૦ કરોડ રૂપિયામાં કરવામાં આવશે. ગયા વર્ષે રાજ્યના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા સાથે મુલાકાત કરી હતી અને નરિમાન પોઈન્ટ પર આવેલી એર ઈન્ડિયાની બિલ્ડિંગ વેચવામાં મહારાષ્ટ્રને પ્રાથમિકતા આપવા માંગણી કરી હતી. મહારાષ્ટ્ર સરકાર ઉપરાંત રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયા પણ આ બિલ્ડિંગ ખરીદવા માટે હરિફાઈમાં હોવાનું માનવામાં આવે છે. મુંબઈમાં નરિમાઈન પોઈન્ટ પર આવેલી આઈકોનિક એર ઈન્ડિયા બિલ્ડિંગ ખરીદવામાં મહારાષ્ટ્ર સરકાર વધુ એક ડગલું આગળ વધી છે. ફેબ્રુઆરી ૨૦૨૩માં એર ઈન્ડિયા આ બિલ્ડિંગ ખાલી કરીને નવી દિલ્હી ખાતે પોતાની ઓફિસ ખસેડી હતી. હવે રાજ્ય સરકાર ૧૬૦૦ કરોડમાં ડીલ ફાઈનલ કરવા માંગે છે. આ વિશે થોડા દિવસોમાં સત્તાવાર જાહેરાતની શક્યતા છે.

એક સિનિયર મંત્રીએ આ સંભવિત ડીલની પુષ્ટિ આપી છે. તેમણે કહ્યું કે એર ઈન્ડિયાની આ બિલ્ડિંગની માલિકી એર ઈન્ડિયા એસેટ હોલ્ડિંગ લિ. પાસે છે.



અમને આ બિલ્ડિંગ સોંપવા માટે એર ઈન્ડિયા એસેટ હોલ્ડિંગ કંપની સહમત થઈ છે. આ અંગે અંતિમ ડિટેલ નક્કી થઈ રહી છે, પરંતુ અમારી આ ઓફર શરતી છે. અમને જાણવા મળ્યું છે કે જીએસટીઅને ઈક્રમટેક્સ ડિપાર્ટમેન્ટની ઓફિસ પણ ત્યાંથી ચાલે છે. આ બિલ્ડિંગના કેટલાક ફ્લોર સરકારી માલિકીની કંપની પાસે છે અને બીજા કેટલાક ફ્લોર પર આર્ટ કલેક્શન અને બીજી ચીજવસ્તુઓ આવેલી છે. અમને ખાલી કરેલી અવસ્થામાં ઈમારતનો કબ્જો મળે તેમ ઈચ્છીએ છીએ. કારણ કે પ્રિમાઈસને ખાલી કરાવવા માટે બીજી એક એજન્સીને રોકીને અમે કામ કરવા માંગતા નથી. તેમ કરવાથી કામકાજનો બોજ વધી

**એર ઈન્ડિયાને ૧૯૭૦માં ૯૯ વર્ષની લીઝ પર આપવામાં આવી હતી, ફેબ્રુઆરી ૨૦૨૩માં આ બિલ્ડિંગ ખાલી કરી દીધી**

જશે.એર ઈન્ડિયાની આ બિલ્ડિંગ નરિમાન પોઈન્ટ પર સી-ફેસિંગ પ્લોટ પર આવેલી છે અને તેને ૧૯૭૦માં ૯૯ વર્ષની લીઝ પર આપવામાં આવી હતી. ફેબ્રુઆરી ૨૦૨૩માં એર ઈન્ડિયાએ આ બિલ્ડિંગ ખાલી કરી દીધી અને પોતાની કોર્પોરેટ ઓફિસને નવી દિલ્હી ખાતે ખસેડી. ૨૦૧૮માં એર ઈન્ડિયાએ આ બિલ્ડિંગ વેચવા માટે ટેન્ડર બહાર પાડ્યા હતા, પરંતુ તેનો બહુ નબળો પ્રતિસાદ મળ્યો હતો.

